# કાર્યનોંધ

તા.૧૧/૦૫/૨૦૨૩ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે માન. કુલપતિશ્રીના કાર્યાલયમાં **Anti-Ragging Committee**ની બેઠક સમિતિના અધ્યક્ષશ્રી અને માન. કુલપતિશ્રી પ્રો.(ડૉ.) લલિતકુમાર એ. પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

| ક્રમ | મહાનુભાવ/સભ્યશ્રીનું નામ | હોદ્દો | ઉપસ્થિતિ |
|---|---|---|---|
| ૦૧ | પ્રો. (ડૉ.) લલિતકુમાર એ. પટેલ | અધ્યક્ષ | હાજર |
| ૦૨ | ડૉ. દશરથ જાદવ | સભ્યસચિવ | હાજર |
| ૦૩ | પ્રો. (ડૉ.) લલિતકુમાર એ. પટેલ | સભ્ય | કુલપતિશ્રી તરીકે હાજર |
| ૦૪ | ડૉ. નરેન્દ્રકુમાર એલ. પંડયા | સભ્ય | હાજર |
| ૦૫ | પ્રો. વિનોદકુમાર ઝા | સભ્ય | ઓનલાઇન હાજર |
| ૦૬ | ડૉ. યોગેશ એલ. પટેલ | સભ્ય | હાજર |
| ૦૭ | શ્રી કરશન છાત્રોડીયા | સભ્ય | હાજર |

બેઠકમાં પૂર્વ મંજૂર થયેલ એજન્ડા પર વિગતવાર ચર્ચા-વિમર્શ કરીને સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ છે.

૦૧) સૌપ્રથમ તો આજદિન સુધીમાં **Anti-Ragging Committee** સમક્ષ કોઇ પણ પ્રકારની લેખિતમાં **Ragging** બાબતની ફરીયાદ પ્રાપ્ત થયેલ નથી. જે ગૌરવની બાબત છે અને આ અંગે સૌ મહાનુભાવો દ્વારા નોંધ લેવામાં આવી હતી. આગળ પણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં જે પ્રકારનું સ્વયં-શિસ્ત અને સૌહાર્દ ભર્યા વાતાવરણમાં શૈક્ષણિક કાર્ય ચાલે છે અવિરત સાતત્ય જળવાય રહે તે માટે અધ્યાપકો અને છાત્રોનું સમયે-સમયે ઇન્ટરેકશન થાય તેમ સૂચન કરવામાં આવેલ હતા.

૦૨) નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૦૨૪થી **UGC**ના પત્ર ક્રમાંક **: D.O. No. F. 1-15/2009 (ARC) pt.III, Dt.19/09/2022**માં જણાવ્યાનુસાર **UGC** દ્વારા અધિસૂચિત **"Regulations on Curbing the Menace of Ragging in Higher Educational Institutions, 2009"** અનુસાર **(1) The Anti-Ragging Committee (2) The Anti-Ragging Squad and (3) Monitoring Cell on Ragging**ની રચના કરવા સબન્ધીત જાહેરનામું પ્રસિદ્ધ કરવાની કામગીરી કરવાની રહેશે. તેમજ યુનિવર્સિટી સંલગ્ન સંસ્થા/કોલેજ/મહાવિદ્યાલયોને પણ આ બાબતે પોતાની કક્ષાએથી જરૂરી કમિટીઓની રચના કરવા પત્રથી જાણ કરવાની કામગીરી કરવાની રહેશે.

Shree Somnath Sanskrit University VERAVAL

આ ત્રણ કમિટીઓમાં UGCના રેગ્યુલેશનની જોગવાઇ અનુસાર ફેકલ્ટી, છાત્ર, છાત્રના વાલી અને બિન-શૈક્ષણિક કર્મચારીને પ્રતિનિધિત્વ આપવાનું સુચવવામાં આવ્યું.

૦૩) UGCના રેગ્યુલેશન અનુસાર યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થાઓએ પ્રતિ વર્ષે રેગ્યુલર અભ્યાસક્રમમાં પ્રવેશ આપતા સમયે વિદ્યાર્થીઓ અને તેના વાલીશ્રી પાસેથી શપથપત્ર (Undertaking) ઓનલાઇન અથવા ઓફલાઇન માધ્યમથી ભરાવવાનું રહેશે. જે માટે દરેક સંસ્થાને પત્ર કરી UGCના રેગ્યુલેશનને ધ્યાને લઇ સદર બાબતનો અમલ કરવા જણાવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૦૪) Anti-Raggingના બેનર/પોસ્ટર યુનિવર્સિટીની હોસ્ટેલ અને શૈક્ષણિક ભવનમાં UGCના સુચવ્યા મુજબના લગાવવા અને તેમાં હેલ્પલાઇન નંબર અને હેલ્પલાઇન ઇ-મેઇલનો સમાવેશ કરવો. યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થાઓને પણ આ મુજબ પોસ્ટર/બેનર લગાવવાનો પત્ર કરવો તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૦૫) UGC દ્વારા વર્તમાન અને વખતો-વખત Anti-Ragging અંગે જે ગાઇડલાઇન/પત્ર બહાર પાડવામાં આવે છે તેનો યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થાઓએ અમલ કરવા બાબતે પત્ર કરી જાણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૦૬) Anti-Ragging માટે યુનિવર્સિટીના નોડલ ઓફિસર તરીકે ડૉ. જયેશકુમાર મુંગરા (આસિસ્ટન્ટ પ્રોફેસર-શા.શિક્ષણ)ની નિમણૂંક કરવામાં આવે છે, જેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૦૭) યુનિવર્સિટીની વેબસાઇટ પર Anti-Ragging નામનું વેબપેજ ડેવલપ કરી તેના પર Anti-Raggingની કમિટીનું જાહેરનામું, પોસ્ટર/બેનર/વિડીયો, યુ.જી.સી. Anti-Ragging Web-site-Link, UGC Regulation copy અને Undertakingની નકલ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.

બેઠકના અંતે સમિતિ અધ્યક્ષશ્રીએ સૌ સમિતિના સભ્યશ્રીઓનો આભાર વ્યકત કરી બેઠક પૂર્ણ જાહેર કરેલ હતી.

Shree Somnath Sanskrit University VERAVAL

ન.આ. વઢેર

**Chairman**
**The Anti-Ragging Committee**

**Date:19/05/2023**